Re-Accredited Grade A By NAAC (3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૨૦
ઈ-મેઈલ : estab@sauuni.ac.in

નં.મહેકમ/બ/૫/ ૨૨૯ /૨૦૨૦

તા. ૦૮–૦૭–૨૦૨૦

સંદર્ભ :– (૧) સિન્ડિકેટની તા.૧૦–૦૬–૨૦૧૯ ની સભાના ઠરાવ નં. ૨૦
(૨) મહેકમ–બ વિભાગની તા.૨૩–૦૬–૨૦૨૦ ની નોંધ પર મળેલ આદેશ

પરિપત્ર ::–

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ/ચેર્સ/હોસ્ટેલના વડાઓને જણાવવામાં આવે છે કે, હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દર માસના પહેલા અને ત્રીજા શનિવારે જાહેર રજા રાખવામાં આવે છે.

સંદર્ભ દર્શિત નોંધ પર મળેલ આદેશ તથા ગુજરાત સરકારશ્રીની તમામ કચેરીઓમાં બીજા તથા ચોથા શનિવારે જાહેર રજા રાખવામાં આવે છે. તે ધ્યાને લઈ તેમજ ગુજરાત સરકારશ્રીની તમામ કચેરીઓ ના કાર્ય સાથે એક સુત્રતા જળવાઈ રહે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા તા.૦૧–૦૮–૨૦૨૦ થી અમલમાં આવે તે રીતે દર માસના પ્રથમ તથા ત્રીજા શનિવારને બદલે બીજા અને ચોથા શનિવારે જાહેર રજા રાખવામાં આવશે અને દર માસના પ્રથમ તથા ત્રીજા શનિવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ/ચેર્સ/હોસ્ટેલ રાબેતા મુજબ ચાલુ રહેશે.

ઉપર્યુક્ત બાબતની જાણ આપના વિભાગ/ભવન/સેન્ટર્સ/કોલેજોના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના ધ્યાને મૂકવા વિનંતી છે.

કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટીના તમામ વિભાગ/ભવન/સેન્ટર્સના વડાઓ
(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :–
(૧) માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે:
(૧) ડાયરેકટરશ્રી, કોમ્પ્યૂટર સેન્ટર (વેબ સાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે)

E/ESTA-2020/A4/55
BHALIYA